અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૨૪૭૪-૨૫૨૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૯/03/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી/ઉચ્ચતર ઉત્તર બુનિયાદીના પ્રશ્નપત્ર પરિરૂપ મોકલવા બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૫૮૪-૩૬૨૫, તા.૧૯/૧૧/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-19 ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૦/૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ના અભ્યાસક્રમમાં કરવામાં આવેલ 30% ઘટાડો તેમજ પરીક્ષા પદ્ધતિમાં કરવામાં આવેલ ફેરફાર અન્વયે અત્રેની કચેરી દ્વારા ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના નીચે દર્શાવેલ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ પ્રકરણદીઠ ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રોની વિગતો તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે. ઉક્ત પ્રશ્નપત્ર પરિરૂપ અને ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો માત્ર શૈક્ષણિક વર્ષ-૨૦૨૦/૨૧ માટે જ અમલમાં રહેશે.

## ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહ:

કૃષિ જૂથ :-

| ક્રમ | વિષય |
|---|---|
| 1 | ઉદ્યોગ સાહસિકતા (156) |
| 2 | જીવવિજ્ઞાન અને કૃષિરસાયણ શાસ્ત્ર (158) |
| 3 | પાક-1 (165) |
| 4 | પાક-2 (167) |
| 5 | ક્ષેત્રવ્યવસ્થા અને વિસ્તરણ (169) |
| 6 | પશુ સંબંધિત કૃત્રિમ બીજદાન દુગ્ધસ્ત્રાવ ( 171) |
| 7 | દૂધ-દૂધની બનાવટો (173) |
| 8 | ડેરી વિસ્તરણ અને આર્થિક નામાપદ્ધતિ (175) |

વાણિજ્ય જૂથ :-

| | |
|---|---|
| 1 | અર્થશાસ્ત્ર અને વાણિજ્ય વ્યવસ્થા (178) |
| 2 | કચેરી કાર્યપદ્ધતિ અને વ્યવહાર (179) |
| 3 | ગુજરાતી મુદ્રાલેખન (181) |
| 4 | પત્ર વ્યવહાર અને મુદ્રાલેખન (183) |
| 5 | અંગ્રેજી/ગુજરાતી મુદ્રાલેખન (187) |
| 6 | અંગ્રેજી/ગુજરાતી લઘુલિપિ (189) |
| 7 | એકાઉન્ટન્સી એન્ડ ઓડિટીંગ પેપર-1 (દ્વિનોંધી નામાપદ્ધતિ) (203) |
| 8 | એકાઉન્ટન્સી એન્ડ ઓડિટીંગ પેપર-2 (દ્વિનોંધી નામાપદ્ધતિ) (205) |
| 9 | એકાઉન્ટન્સી એન્ડ ઓડિટીંગ પેપર-3 (દેશી નામુ) (207) |

ગૃહ વિજ્ઞાન :-

| | |
|---|---|
| 1 | સોશ્યોલોજી, સાઈકોલોજી અને ઇકોનોમિકસ ( 216 ) |
| 2 | એડવાન્સ હાઉસકીપિંગ ( 217 ) |
| 3 | ઇન્ટીરીયર ડેકોરેશન ( 219 ) |
| 4 | સોશિયલ સ્કીલ્સ રીપોર્ટેબલ મેટર્સ ( 221 ) |
| 5 | ફૂડ પ્રોસેસિંગ ( 223 ) |
| 6 | પ્લાન્ટ મેનેજમેન્ટ એન્ડ ફૂડ પેકેજિંગ ( 225 ) |
| 7 | બેકરી એન્ડ કન્ફેક્શનરી (227) |
| 8 | પેટર્ન મેકિંગ ( 235 ) |
| 9 | અદ્યતન કપડાં રચના ( 237 ) |
| 10 | કલાત્મક પોષાક સંરચના ( 239 ) |
| 11 | વૃદ્ધિ અને વિકાસ (247) |
| 12 | વ્યવસ્થા અને સંચાલન (249) |
| 13 | આહાર, પોષણ અને તંદુરસ્તી (251) |

ટેક્નિકલ જૂથ :-

| | |
|---|---|
| 1 | ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર (254) |
| 2 | મિકેનીકલ ટેકનોલોજી (291) |
| 3 | ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ ટેકનિશિયન (293) |
| 4 | રૂરલ એન્જિનિયરીંગ ટેકનોલોજી (295) |
| 5 | મેન્ટેનન્સ રીપેર્સ ઓફ મોટર એન્ડ ડોમેસ્ટિક એપ્લાયન્સ (303) |
| 6 | મોટર રિવાઈન્ડીંગ પ્રેક્ટીસ (305) |
| 7 | મોટર કંટ્રોલ એન્ડ ટેસ્ટીંગ (307) |
| 8 | સિસ્ટમ એનાલિસીસ એન્ડ ડીઝાઇન (325) |

| | |
|---|---|
| 9 | કમ્પ્યુટર એપ્લિકેશન (327) |
| 10 | પ્રોગ્રામીંગ લેંગ્વેજ (329) |

## ઉત્તરબુનિયાદી પ્રવાહ :-

| ક્રમ | વિષય |
|---|---|
| 1 | કૃષિ વિદ્યા (60) |
| 2 | વસ્ત્રવિદ્યા (76) |
| 3 | સહકાર પંચાયત (111) |
| 4 | વનવિદ્યા અને વન ઔષધિ વિદ્યા (351) |

સામાજિક વિજ્ઞાન (૦૫૮), ગૃહજીવન વિદ્યા (૦૬૮),કચેરી કાર્યપધ્ધતિ અને કચેરી પત્ર વ્યવહાર (૧૮૫), પશુપાલન અને ડેરી વિજ્ઞાન (૦૮૦) વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો હવે પછી જાહેર કરવામાં આવશે. સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાનપ્રવાહના પ્રાકૃત (૧૩૨) વિષયનું પ્રશ્નપત્ર પરિરૂપ આ સાથે મોકલવામાં આવે છે. ઉક્ત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ આપના જિલ્લાની તમામ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી/વ્યવસાયલક્ષી પ્રવાહની શાળાઓને જાણ તેમજ અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ:- ઉપર મુજબ.

નકલ સવિનય રવાના (જાણ સારું) :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના :-

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ સારું)
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું).